॥ श्री सत्यमेव जयते. ॥

ચંદ્રસેન-પ્રભાવતી

નાટકના ગાયન.

રચનાર-પાઠેક, બાળાશંકર હીમતરામ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મુંબઈ નાટક મંડળી.

(આવૃત્તિ ૨ જી પ્રત ૧૦૦૦)

અમદાવાદ

"વિજય પ્રવર્ત્તક" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૦—સને ૧૮૯૪.

કિંમત ૨ આના.

ચંદ્રસેન-પ્રભાવતીનો ટુંક સાર.

અંક ૧ લો.

અમ્રાવતી નગરીનો એક ચંદ્રસેન નામે રાજા હતો, તેને કાંઇ પણ સન્તાન નહોતુ તેથી તેની રાણી દરરોજ ગાંધર્વ ઋષીની પુજા કરવા જતી હતી, એક દીવસે રાજા જંગલમાં સીકાર કરવાને ગયો હતો અને સીકાર કરીને એક ઝાડ નીચે સુતો હતો, એટલામાં ઉપરથી એક અપ્સરાએ આવી તેને ઘણું ઘણું પોતાની સાથે પરણવાને કહ્યું પણ તે કાંઈ બોલ્યો નહીં, એટલે અપ્સરાએ એકદમ શ્રાપ દીધો કે તારી સ્ત્રીથી તારો વીયોગ પડશે એમ શ્રાપ દઈ ચાલી ગઇ, પછીથી રાજા જાગી પોતાને ઘેર ગયો, એક દીવસે પ્રભાવતી ગાંધર્વ ઋષી પાસે પોતાની દાસીઓ લેઇ પુજન કરવા ગઇ હતી ત્યારે ગાંધર્વ ઋષી પ્રશન થયા અને કહ્યું કે તારી ખુસીમાં આવે તે માગ, ત્યારે રાણીએ કહ્યું કે મહારાજ મને કાંઇ સંતતિ નથી માટે સંતતિ આપી મારૂ દુઃખ દુર કરશો એટલી મારી વીનતી છે ત્યારે ઋષી બોલ્યા કે જા મારૂં વચન છે કે તને સંતતિ થશે પણ મારા કહેવા મુજબ એક રૂધીર વાવ્ય બનાવ અને તેની અંદર તું સ્નાન કર એટલે તને સંતતી થશે. ત્યાંથી રાણી પોતાને મેહેલ જાય છે પછીથી રાણી પોતાના પતીને કહે છે કે હે સ્વામીનાથ હવે તમે શોક શા માટે કરો છો ત્યારે રાજા કહે છે કે પ્રીયા કાંઇ નહીં આપણી વૃદ્ધા અવસ્થા થઇ તો પણ કાંઇ સંતતિ નથી તેથી દીલગીર છું. ત્યાર બાદ રાણી કહેછે કે પ્રાણનાથ કાંઇ દીલગીર થશો નહીં હું ઋષી મહારાજની પુજા કરવાને ગઇ હતી ત્યાંથી મને વરદાન મળેલું છે માટે મારા કહેવા મુજબ એક રૂધીરની વાવ્ય બનાવો. ત્યાર બાદ રાજા કહે છે, પ્યારી તારૂ કહેવું એટલુંજ છે. બહુ સારૂ હું જઇને વાવ્ય બનાવું છું પછીથી રાજા જંગલમાં જઇને વાવ્ય બનાવે છે અને રાણી પોતાની દાસીઓ સાથે નાવાને જાય છે પછીથી રાણી વાવ્યની અંદર નાવા ઉતરે છે અને તેનો ચોટલો બાહાર રહી જાય છે એટલામાં આકાશ માર્ગેથી પક્ષીનો રાજા ગરૂડ પ્રભાવતીને સર્પ જાણી લઇ જાય છે.

અંક ૨ જો.

એક દીવસે રાજા પોતાના દરબારમાં બેઠેલો છે એટલામાં અ- નેચક માઠા બનાવના સમાચાર આપે છે એટલે રાજા શોકાતુર થાય છે અને લશ્કરને એકદમ હુકમ કરે છે કે તમે જાઓ અને કોઈપણ રીતે શોધી લાવો પછીથી પ્રધાન તથા સેનાપતી તથા લશ્કર સહીત તેની શોધમાં નીકળે છે પણ તેનો કાંઇ પત્તો લાગતો નથી એટલે રાજાને આવીને કહે છે કે મહારાજ તેનો કાંઈ પતો લાગતો નથી એટલે રાજા ઉદાસીમાં રહે છે ત્યાર બાદ પક્ષીનો રાજા ગરૂડ તેને સ્ત્રી જાણી એક જંગલમાં મુકી જાય છે ત્યાં પ્રભાવતી શોકા- તુર બેઠેલી છે એટલામાં દુરગસીંહ નામનો સીકારી ત્યાં આવી પ- હોંચે છે અને તેને કહે છે કે તું મારી સાથે લગ્ન કર અને તેને તે સીકારી ઘણુંજ પજવે છે પણ તે કાંઇ માનતી નથી અને જે- વો તેને જોર જુલમથી બાઝવા જાય છે એવામાં અંદરથી એક રાક્ષસ આવેછે અને રાક્ષસ અને સીકારીની લડી થાયછે એટલામાં પ્રભાવતી નાસી જાય છે અને સીકારી મરાય છે.

અંક ૩ જો.

પ્રભાવતી સીકારી પાંસેથી નાસી જઇ એક જંગલમાં બેઠી બેઠી રૂદન કરે છે એટલામાં ગાલવ ઋષીના બે શીષ્યો ત્યાં આવી પ- હોંચે અને શીષ્યો પુછે છે કે બાઇ તું રડે છે શા માટે ત્યારે પ્ર- ભાવતી પોતાનો બધો હેવાલ તેને કહે છે એટલે તે પોતાની ધર્મ- ની બેન ગણી પોતાના ગુરૂના આશ્રમમાં લઇ જાય છે પછીથી પ્રભાવતીને ત્યાં એક છોકરો થાય છે પછી તે છોકરો મોટો થયો એટલે એક દીવસે તે પોતાના દાદા પાસે રજા માગે છે અને કહે છે કે પીતાજી આજનો દીવસ હું આ પાસેના જંગલમાં મૃગીયા રમીને આવુ છું ત્યારે ઋષીએ રજા આપી અને કહ્યું કે વેહલા આવજો પછી વનવીચર મૃગીયા રમવા જાય છે અને મૃગીયા રમ- તા રમતા એક મોટી ગુફા આગળ આવી પહોંચ્યો ત્યાં આગળ એક વાદી સરપ પકડતો હતો તેને વનવીચર કહે છે કે બાઈ તું સાપ મુકી દે હું તને આ મારૂં કંગન આપું બહુ સારૂ મહારાજ લ્યો આ મુકી દઉં એટલે તે વાદી સાપ મુકી દે છે અને વનવી- ચર તેને કંગન આપે છે પછી વાદી પોતાના મનમાં વીચાર કરે

...તેને મારે શું કરવું પણ વીચાર કરતાં તેને યાદ આવે ...ને રાજા પ્રત્યે કંગન લઇ જાય છે રાજ્ય સભામાં રાજા બે-ઠેલો છે ત્યાં તે વાદી આવે છે અને રાજાને કંગન આપે છે અને રાજા વાદીને પુછેછે કે આ કંગન તું કયાંથી લાવ્યો ત્યારે વાદી જવાબ આપે છે કે હું આ પાસેના જંગલમાં સાપ પકડવા ગયો હતો ત્યાંથી એક છોકરાએ સાપ છોડાવી દઇ આપ્યું રાજા બોલ્યો કે આતો કંગન મારૂં છે માટે પ્રધાન પ્રત્યે કહે છે કે આ વા-દીની સાથે લસ્કર લઇ જાઓ અને તેની શોધ કરી લાવો પછીથી પ્રધાન વાદીની સાથે લસ્કર લેઇ સોધ કરવા જાય છે એક દીવસે વનવીચર પાસેના મેદાનમાં પોતાના દોસ્તો સાથે રમતો હતો એ-ટલામાં વાદી અને પ્રધાન આવે છે અને વાદી પ્રધાન પ્રત્યે કહે છે નામદાર આ વચલો છોકરો ત્યારે પ્રધાન તે છોકરા પ્રત્યે કહે છે કે તું કોણ. ત્યારે છોકરો પોતાનો બધો હેવાલ તેને કહે છે ત્યારે પ્રધાન કહે છે કે ચાલ મને તારી મા પાસે તેડી જા પછી તે છો-કરો તેની મા પાસે તેડી જાય છે અને પ્રભાવતીને પ્રધાન પુછેછે કે તમો આંહી કયાંથી માટે નગર તરફ ચાલો મહારાજ શોકાતુર-માં બેઠેલા છે માટે તમે ચાલો પછી પ્રભાવતી કહે હમણા આવું છું એમ કહી પોતાના પીતા પાસે આજ્ઞા માગે છે અને કહે છેકે મારા નગરમાં જવાની રજા આપો ઋષી કહે છે કે બેન જરા સબુર કર વનવીચર નાનો છે માટે મોટો થાશે એટલે રજા આપીશ નહીં પીતાજી પ્રધાનજી આવેલા છે અને રાજા શોકાતુરમા છે માટે ગયા વીના ચાલે નહીં ત્યારે ગુરૂ રજા આપે છે ભલે પ્રભાવતી બેન જાઓ એટલે ગુરૂ તથા ઘરની સ્ત્રીઓ આવી તેને વીદાય કરે છે પછીથી તેઓ પોતાના નગરમાં આવે છે અને રાજાને મળે છે અને ત્યાં ખુબ ખુસી ઉત્પન થાય છે અને સર્વે શંકરની સ્તુતી કરીને તેમનો ઉપકાર માને છે.

અંક ૩ જો સમાપ્ત.

ચંદ્રસેન–પ્રભાવતીમાં આવતાં પાત્રો.

સુત્રધાર......................નાટકનો કર્તા.
ચંદ્રસેન..... ....અમ્રાવતી નગરીનો રાજા.
પ્રધાન........... ....રાજ્ય કારભારી.
સેનાધીપતી..... ....લસ્કરનો ઉપરી.
પ્રતીહાર.............. ......દ્વારપાળ.
સોહાવતી..................એક અપ્સરા.
વિદુષક......................રાજાનો સોબતી.
ગાંધર્વ..........................એક તપેસરી ઋષી.
શીષ્યો..........................ગાંધર્વ ઋષીના.
ગરૂડ........ ....પક્ષીનો રાજા.
દુરમસીંહ......................એક વટેમાર્ગુ શીકારી.
રાક્ષસ............... ....દુરમતનો નાશ કરનાર.
ગાલવઋષી.......... ....પ્રભાવતીનો ધર્મ પીતા.
શીષ્યો..........................ગાલવઋષીના.
વનવીચર......................ચંદ્રસેનનો છોકરો.
વાદી........ ....મદારી કરનાર.
બ્રાહ્મણો......................મહાદેવના પુજારી સ્ત્રીઓ.
પ્રભાવતી......................ચંદ્રસેનની રાણી.
દાસીઓ......................પ્રભાવતીની.
રૂપાળી......................વીદુસકની સ્ત્રી.
૫ સ્ત્રીઓ......................ઋષીપત્નીઓ.
૬ સ્ત્રીઓ......................નાગરની.

છોકરાઓ, લસ્કર, દરબારીઓ, વારંગનાઓ, સેવક, સીપાઇઓ વગેરે વગેર.

૫૮૬૧

ચંદ્રસેન-પ્રભાવતી

નાટકનાં ગાયન.

સુત્રધાર— ૧

પ્રભુ વીનતી હમારી ઉર ધરજો (૨) સાય થઇ,

શ્રમ સફળ કરજો. પ્રભુ વીનતી.

સુંદર સ્થળની અંદર આજે, પ્રેમ ધરીને કૃતી આચરીએ,

નવીન નવીન આ, અલ્પ મતીથી, સુજ્ઞ પાસ. આજે ખાસ.

દોશો નાશ, કરો ખાસ, એજ હમારી છે ઉલ્લાસ. પ્રભુ૦

સુત્રધાર— ૨

દુખ હરી સુખ કરી, આપો સુનમતી, (૨)

સંભુનાથ, જોડી હાથ, કરીએ વીનતી,

કૃપા કરીને, સાય, સાંય, ટાળો દુરમતી. દુખ હરી.

પ્રભાવતી— ૩

સત્વતાથી કરે તૈયારી, મમ સખી આવારે, વક્ત થયો દરસન

સમયનો, ખોટી ના થા તું લગારે, ચાલો ઝટ જઇએ,

આશીશ રૂસીની લઇએ, ચાલો ઝટ જઇએ... . ...

દાસીઓ— ૪

રૂપીના ઉપર ભાવ છે સારો, નીરંતર રહે નાથ તમારો. ટેક.

પુત્ર સંકટ પ્રભુજી હરશે, રૂપી પ્રતાપે કાર્ય સુધરશે. રૂપી.

ચાલો જલ્દીથી તૈયારી કરીએ, જઇ સેવામાં હાજર થઇએ.

સોહાવતી— ૫

જો નૃપ તું દ્રષ્ટીથી, સ્વર્ગ ભુવન સુખ ભોગવનારી,

પ્રણામ (૨) કરૂં રાય વીચારી, આવો સ્વર્ગેથી. જો.

શીષ્યો— ૬

પ્રભુ ભજોને ભાવથી, (૨) સૌ જન, ધરી મન,

મળે સુખ, ટળે દુખ, પ્રભુ૦

અકળ અવીનાશી છે જગમાં, જ્યાં જુવો ત્યાં વ્યાપક સર્વમાં,

જળમાં સ્થળમાં, સઘળે, વસ્તા, જોતા પ્રેમથી. પ્રભુ૦

શીષ્યો— ૭

સુણો આરજ ગુરૂજી આજ, મુની માહારાજ,
ધારી ઉર અધીક ઉલ્લાસ, આવ્યા છીએ સેવા ભજવા કાજ;
દીઓ રજા તમે આવાર, મુની મહારાજ. સુણો આરજ

દાસીઓ— ૮

દ્રષ્ટી ગોચર આપ થવાથી, ભવના પ્રાશ્ચીત જાએ,
હર્ષ થકી અમે વંદન કરીએ, મુની ચરણુની માંહે,
હે મુની માહારાજ, કરો સફળ સેવકનાં કાજ. હે મુની.

પ્રભાવતી— ૯

આપ સુણો મુની વીનતી મારી. ટેક.
મેહેર કરી દયો ઉરમા ઉતારી. આપ.
હર્ષ થકી હું, યાચુછુ આજે,
સંન્તતિ વીના દુખ છે મુને ભારી. આપ.
કૃપા કરીને, સંકટ હરશો, એવી
આશા છે મુજે ઉરમાહી. આપ.

ગાંધર્વઋષી— ૧૦

અરે સુણુ પુત્રી તુ વાત હમારી, ઘણારે દીવસથી,
દરસન કરતીને, ભક્તી બહુ છે તારી, માટે તુજને,
વરદાન આપુ, સંકટ કાપુ એ નારી, અરે સુણુ ,
રૂપારની એક વાવ્ય બનાવોને, મુજવચન છે એ નારી,
તેમાં જઈને સ્નાન કર્યાથી, પુત્ર થશે ગુણકારી. અ.

દાસીઓ— ૧૧

બહુ કીધો ઉપકાર; પીતા રૂપ, બહુ કીધો ઉપકાર,
માનીયે અમે આભાર, પીતારૂપ, બહુ કીધો ઉપ,

પ્રભાવતી—જીવતર હમારૂ સફળ થયુ છે, સીધ થયુ સૈ કાજ,
મન ઉમંગે વાધ્યો છે ઝાઝો, જન્મ સફળ થયો આજ,

દાસીઓ—પીતારૂપ, બહુ કીધો, ઉપકાર, ...

દાસીઓ— ૧૨

થયો ભાગ્યો દય બાઇનો, દુખનો, આરો, આવી રહયો. થયો.
હર્ષ હર્ષ અતી વ્યાપ્યો સઉને, ચાલો, મ્હાલો, સખી......થયો.

ચંદ્રસેન— ૧૩

નેક ટેકમા પ્રવીણુ રેવું હે પ્રધાન, ટેક.
પઠીત વીપ્રને હમેશા આપવુ રે દાન,
પુરતો બંદોબસ્ત રાજ્યમાંહી રાખવો,

ધ્યાન રાખીને પ્રેમને ન્યાય આપજો. નેક ટેક,

પ્રધાન— ૧૪

હુકમ મુજબ વર્તુંછુ નામદાર, આપ રાજ્યમાં હમેશા.
છે જયકાર, હુકમ, આપ રાજ્યનું તમામ, ન્યાયથી કરૂંછુ કામ,
શીક્ષા દેવા ધરૂ હામ, વીદીત કરૂ આ ઠામ,
દુખ ના પડે પ્રજાને કદી તલભાર; હુકમ મુજ વર્તું છુ.

સેનાધીપતી— ૧૫

તારા મંડળ માહે, ચંદ્ર ચળકી રહયો છે આકાશે;
સૈન્ય અતી ચળકાટે, ચંદ્રની માફક તેજ ઘણુંજ મારે,

વીદુષક— ૧૬

કેવા લાગે લાડુ ....
હા, હા, હા; હા,
કરે તનડુ તાડુ,
હા, હા, હા. હા,
ખાઇ લાડુ અપાર, બંદા થયા તૈયાર, કાલે ખાધાતા ચાર,
આજે ખાવા છે બાર, એવા અમે હુશીયાર, જ્યાં નાંખ્યા ત્યાં પાર...

હા, હા, હા, હા, હા, હા, હા, હા, હા.

પ્રભાવતી— ૧૭

હે મમ પ્યારા, પ્રાણ આધાર;
પ્રીતે પધારીએ, હે મમ.
સ્વામી પ્રત્યે, સુધર્મ દાસીનો;
તે હમે જાણીએ, હે મમ.
મુજને મુકીને જાઓ છો આપ,
કચેરી મોઝાર, ક્ષણભર મુજને;
ગમે નહી, હે મમ જીવનહાર. હે મમ.

ચંદ્રસેન— ૧૮

તજ ચીંતા તુ નારી, પ્રાણથી પ્યારી, વ્હાલી તુ મારી;
લેશ ના કરતી ખેદ, પ્રભુએ અતી સુખજ આપી.
દુ:ખનો કીધો છે નાશ, પણ સંતતિ વીના પ્યારી આશો;
હું છું ઉદાશ, તેની ચીંતા છે ભારી, ફીરમાં ઓ નારી,
વ્હાલી તું મારી, લેશ ના કરતી ખેદ, તજ ચીંતા તું નારી.

પ્રભાવતી— ૧૯

નહીં ખેદ કરો પ્રીય સ્વામીરે (૨) સન્તતિ દુખ દુર થયું છે;
સાય થશે ગુણ ગામીરે, નહીં.
મુનીવર દાનથી પ્રાપ્ત થશે;

નકી વદુ શીશ નામીરે, નહી ભેદ કરો બીજ સ્વામીર.

પ્રભાવતી— ૨૦

અરજ સુણી દાસીની, વાવ્ય કરાવો જંગલમાં આજે;
તેમાં સ્નાન કર્યાથી, સરશે આપણું સઘળુ તો કાજે.

ચંદ્રસેન— ૨૧

નવ કર ચીંત્યા મમ પ્યારી,
કરૂં વાવ્યની હું તૈયારી; નવ કર.
જલદી થઇ જરા હું તૈયાર, જાવું સભાની મોઝાર;
નવ કરૂં જરા વાર, મોકલું સેવકો તે ઠાર,
નકી મારો એ વીચાર, સુણુ નારી; નવ કર ચીંત્યા.

પ્રભાવતી— ૨૨

સુણો પ્રાણપતી આવાર વીનતી હું કરૂરે. ટેક.
રૂપી પ્રતાપે સંકટ જાશે, બાધા પુર્ણ થએ પુત્રજ થાશે,
વાંઝીયા મેણું ટળશે પતી નીશ્ચે ખરૂરે........

ચંદ્રસેન— શાબાશ છે પ્રીયા મારી,
પ્રીતી ના વીસારૂ તારી,
સભામાં હું જાવું પ્યારી,
કરૂછુ જલદી તૈયારી, કામ ચલ્પાવ્યા વીણુ
પાછો કદી નહી ફરૂરે.....................

૨૩

દાસીઓ—તરીત થાઓને, તૈયાર. રે. બાઇ મારીરે આજે (૨)
પ્રભાવતી—હર્ષથી જઇએ, સુખીઆ થઇએ,..........
દાસીઓ—સફળ થશે સૌ કાજરે, બાઇ મારીરે આજે, બા૦

પ્રભાવતી— ૨૪

મમ પ્યારી સખીરે, એ મમ.
મન ધરીને, દ્રષ્ટી કરીને, જોને તું
તો આગ, મમ પ્યારી સખીરે,
સુંદીર કેવી વાવ્ય બનાવી પતી
એ ઠામ, મમ પ્યારી સખીરે,
હરસીત થાવુંરે (૨) મન ધરીને.

અંક ૧ લો સમાપ્ત.

અંક ૨ જો.

વારાંગનાઓ— ૨૫

ઉર ઉલટથી, ગાઓ બજાઓ (૨) તનનન,
તોમ, તોમ, તનનન તોમ તોમ, ઉત, તનદેરના,
તદીમ, તદીમ. ધીક લાનત દીનતા, તાતા થૈ,
તાતા થૈ, તક, તીરકીટ, તક, તીરકીટ, ધા,
ધા, ધા, રીગગરી, સા નીધપ, સા નીધપ, મગરીસા,

સેવક— ૨૬

સુણો રાય આજે કરૂ વીનંતી, ખબર દેતા જીભ આ ઉપડતી નથી,
થયું હર્ણ રાણીનુ નીશ્ચે ખરે, ગયો કો લઇ વાવ્યમાંથી અરે. સુ.
તેનો ખેદ મુજને થાય છે અપાર, ખબર જલ્દી કરવા હું આવ્યો દાર.સુ.

દરબારીઓ— ૨૭

કરો હુકમ(૨) અમને રાય, જેગ થવાનું હોય તેમ થાય. કરો.
કોણ દુષ્ટ હરણ કરનારો, સોધી લાવી તેને મારો.........
નકી વીચાર ઉરમા ધારો, કરો, કરો,

પ્રધાન—પાછા નહીં ફરો..... ....

સેનાધીપતી—પ્રાણજ હરો, રણની માંય. જેગ...... ...

જેમ થવાનુ હોય તેમ થાય, કરો હુકમ (૨) અમને રાય.
નક્કી દુષ્ટ શત્રુ પકડાશે, કદી પ્રાણજ હમારા જાસે, બનવાનું હશે એમ થાશે,

વીદુષક—હરૂ હરૂ મારૂ(પ્રાણ)મારૂ કે મરૂ, પ્રતીજ્ઞા કરૂ, પાછો નહીં ફરૂં,

વનેચર રાય.................... ....
જેમ થવાનુ હોય તેમ થાય, કરો હુકમ (૨) અમને રાય,

ચંદ્રસેન— ૨૮

જાઓ ઝટ આ વાર, રે જાઓ ઝટ આ વાર,
શત્રુ ખોળી, નાખો રોળી, બાહાદુર મુજ સરદાર, જારે,.
વાટ જોતાતા આપ હુકમની, સર્વ છીયે તૈયાર, રે. જા,
મારો કાપો દુસ્મન, ને જઇ, સુ કરો વીચાર, રે. જા.

રૂપાળી— ૨૯

હાલો પ્રીતમ વખત થઇ ખાવાની, પ્યારા ખાવાની હાલો,
વાટ જોઇને બેઠી હું ઘરમાં,......................

વીદુષક—જા નહીં આવું બસ, વેગળી ખસ, નજીક નહીં બસ,

રૂપાળી—વખત થઇ ખાવાની, આપ વીના ગમ ખોરા......
ભોજન પ્રાસન કરૂં નહીં નાથ, આપથી અલગી રહું ને...
હેતે અભો છે સ્વામી મુજ હાથ, વખત સઘળો વીતી જાયછે.
જા નહીં આવું બસ, વેગળી ખસ, નજીક નહીં ધસ;
વખત થઇ ખાવાની, હાલો પ્રીતમ વખત થઇ ખાવાની.

દાસીઓ— ૩૦

હાય, હાયરે કેર પ્રભુ કેવો થયો, કેર પ્રભુ કેવો થયો;
દુષ્ટ કોઇ હરણ કરી ગયોરે, હાય, હાયરે.
કેમ સેવાશે તેનો ખેદ, નથી જાણુતા હમે કાંઇ ભેદ;
નારી કરવા દુષ્ટે ધાર્યો એદરે, હાય, હાયરે.
પુછે રાય ખબર હમને જ્યારે, શો ઉત્તર આપીશું હમે ત્યારે;
નથી પડતી સમજ મનમાંયરે, હાય, હાયરે.

પ્રધાન-સેનાપતિ— ૩૧

સર્વ લસ્કરી, હણો દુષ્ટ અરી, પ્રાણ લ્યોને સર્વ આજ ખડગ કર ધરી;
મન થકી આ ક્રોધ કરીને, સન સન કરતા મારો. ....સર.
જા અલ્યા જલદી મહગાર ગીયા, પ્રાણ દુષ્ટના......હર હર હર; સર્વ.
એ જાઓ પુર્વ માંય, એ જાઓ પશ્ચિમ માંય; એ જાઓ ઉત્તર માંય,
એ જાઓ દક્ષિણ માંય, સર્વ લસ્કરી...........................

વીદુષક— ૩૨

સુણો વાત પતીવ્રતા નારની, નારની કે
શણગારનીરે હાં, સુણો વાત પતીવ્રતા નારની.
ઘરમાંથી બાઇ જ્યારે બારણે જાએ,
ત્યારે ગમત બડી બાહારનીરે હાં, સુણો.
મસ્તક થઇને નારીરે મ્હાલે, દીકરો કહીને ઝટ મુજને ઝાલે;
કહો એ નારી વીના મારે કેમ ચાલેરે હાં . ...સુણો.
નીતી, પ્રીતી, રીતી, નાર મારીની, હાંરે હાંરે હાં...સુણો.

પ્રધાન-સેનાપતી— ૩૩

શોધ જંગલમાં કરાવી, તોપણ પત્તો લાગો નહીં કાંઇ;
આખર થાકીને તો, સર્વે પાછા આવ્યા અમે આંહી.

ચંદ્રસેન— ૩૪

હે જમ...કીરતારે, કોપ તમે શો કર્યો આ સમે...ટેક.

" પ્ર-સેનાપતી—રાજીંદરે પ્યારા, ધૈર્ય ધરીને ઉરમાં હમે.
ચંદ્રસેન—દુખમાં દૂખ અધીક ત્મે નાંખ્યું પ્રભુ અરે આ વાર;
પ્રાણથી પ્યારી પ્રીય તમાની, શીરે ગતીરે થનાર, હે૦
પ્રધાન-સેનાપતી—ખેદ ના કરો દીલમાં પ્યારા, વીચારી જુઓ રાય,
દશાનદે કર્યું હરણ સીતાનું (રામે) ધૈર્ય ધરી દીલમાંય. રા૦
ચંદ્રસેન—વીયોગ સાલે પ્યારી મારીનો, તે મુજથી ના ખમાય,
સુખનો ઉદય થવા મ્હેં ધાર્યો, તેમાં દુખ ભરાય. હે૦
પ્રધાન-સેનાપતી—લેખ વીધાત્રીના મારેલા, તે કદી મીથ્યા ન થાય,
ઇશ્વરની મરજી એમ થઇ તો કરવો શો ઉપાય: રા૦

પ્રભાવતી— ૩૫

શું ભયભીત દેખું વનમાં,
હાય, હાય, હાય શું૦
પતી વીયોગની વેદના,
લાગે છે ઉરની માંય, ગર્ભ
વાસ છે મુજને તે કેમ કરીને સેવાય,
હાય, હાય, કેમ થાય, થર થર
કંપે મારી કાય, પતી વીયોગે,
કેમ રેવાય, હાય (૪) શું ભ૦

સીકારી— ૩૬

તુજ સમ જગમાં મેં તો વનીતા, સ્વપ્ને પણ નથી પેખી,
સૌંદર્ય શાંન્તી ચપળા નેત્ર, આજે મેં તુજને દેખી,
જોઇ હરસીત હું થાવું, મુજ મ્હેલે લઇ જાવું, (૨)

પ્રભાવતી— ૩૭

કર વીચાર જરા તું આ વાર, (૨) દુરાચારી, જો વીચારી,
વ્યભીચારી, મઇ તારી, કર, દયા આણી મન ડર,
શ્રાપ દઇને ભસ્મ કરૂં, તને મારીને હું મરૂં, ઉર સમજ્યું ખરૂં,
પશ્ચાતાપ, થશે આપ, પરીતાપ, દઇશ શ્રાપ, વીચાર.

સીકારી— ૩૮

પ્રીય વ્હાલી તું મારી, પ્રીય વ્હાલી તું મારી, હઠીલી નારી, પ્રીય૦
સમજીને સૌ ખટપટ મુકી દે, જલદી સ્વાધીન થા તું નારી. હઠી૦
તુજ રૂપ જોઇને મોહ પામ્યો છું, પા તું અમીતરૂપી (પાણી) નારી, હઠી૦

અંધરામૃત પ્રાસંત કરવાને, સોચવે ગહન મહા ભારી.

પ્રભાવતી— ૩૯

અરે મુર્ખ દુરાચારી,

સીકારી— નહીં વદો મગ પ્યારી,

પ્રભાવતી—પાપી ચુપ, પાપી ચુપ, પાપી ચુપ, ચુપ, ચુપ, અરે.

સીકારી— સોદર્ય તું સાન્તી વાળી,

પ્રભાવતી—ક્રોધ કરી નાખુ બાળી,

સીકારી—અગર ભ્રગુટી ભાળી,

ચપળ નેત્ર નીહાળો,

પ્રભાવતી—પ્યારી કે જે તું સંભાળી,

થા દુર—થા દુર—દુર—દુર—દુર—અ......

પ્રભાવતી— ૪૦

અરર ઇશ્વરા પ્રાણુ જાય છે, પતી વીના મુને ખેદ થાય છે,
ગગ પીયુ થકી, વીખુટી કરી, અરજ દાસીની ઉરના ધરી,
દુષ્ટ હરણુ કરી લાવીને, નાખી વન મોઝાર,
બળતામા વળી બાળવા, આ પાપી થયો તૈયાર,
પરનારીપર જુલ્મ સો, કરે છે તું અઘાત,
દયા કેમ નથી આવતી, ધીક છે તારી જાત,
સુધ બુધ તારી ફરી, દયા મન નથી જરી—વહુ,
તુને કરગરી..............................
પ્રીયા માન મારૂં કહ્યું, આતુર થયો છું બહુ...
છટ........છટ........ચટ........દુર.........અર.

સીકારી— ૪૧

માન માન (૨) ઓ નારી, તુ મારી, વીચાર,
લગાર, આ વાર, ઉતાર, ધ્યાન, ધ્યાન. માન (૨)
સ્વાધીન થા તુ નાર, ના કરીશ વીચાર;
થૈને તું તૈયાર, આગળ થા તું નાર.........
દુર, દુર, ફૂર, ફૂર, બસ—બસ—ચુપ.

પ્રભાવતી— ૪૨

નહીં સતાવ મુને, ક્રૂર થઇને આ સમે, નહીં.
પાપી તેની ગાંઠે થયા અજને ત કેમ દમે, તુ ખસ (૩)

કામ કરવાં કાજ, છોડી તેતો સર્વે લાજ, તુ ખસ (૩)

...લી ૪૩

હાય કરૂં હવે શું અરે, નથી એકે ઉપાયજી;
નીર અબળાપર જુલમ તો, કરવા આવ્યો પાપી ગાંયજી. હા.
તુજ જનુની પેટે નીવડયો, દુષ્ટ તું તો પાષાણજી;
પરનારી સ્વાધીન કરવામાં, આખર નહીં કાડે લ્હાણજી. હા.
કઠણ વખત માંહી પાપી ત્યેં, કીધો ઘણો પરીતાપજી;
મૃત્યુ થશે પળ એકમાં, મારો તુજને છે શ્રાપજી. હા.

સીકારી— ૪૪

ચાલ ખટપર મુકી દે તુ નાર,
કદી હું તુને નહીં છોડુરે.
હાવે કરીસ તુજપર બળાત્યકાર. કદી.
ઘણી રીતે સમજાવી તુને નાર. કદી.
તો હઠીલી ના સમજી લગાર.
હજુ જરા સમજી, કર તુ વીચાર, કદી.
હાવે ક્રોધ મુને ચડયો છે અપાર. કદી.
દઈ શ્રાપ ગભરાવે છે તુ નાર, કદી.
પણ શ્રાપ તારો મને શુ કરનારજી. કદી.

સીકારી— ૪૫

હાવે શી થશે ગતી મારી, નથી ઉગરવા બારી. હાવે.
કર્યા કર્મનો બદલો દેવા, દેવા થયો તૈયાર,
નથી બચવાનો હું આ વાર, નડયો શ્રાપ તરો સતી નાર,
કર્યો સાહસ જુલમ મે ભારી, નથી બચવાની બારી.

અંકર જો સમાપ્ત.

શીઙ્યો— ૪૬

જય જય જય, ત્રીપુરારી, અવીચળ, જગમાં;
નામ, તમારૂ, દરસન, કરવા નીરંતર ધારૂ,
સુખકારી, ત્રીપુરારી, સેવા તમારી, હમને પ્યારી;
ગતી ન જાણે કદી પીસ્તારી, જય જય.
રૂમક જુમક સો તાંડવ કરતા. છુ છુ છુમ (૨)
નાચજ કરતા, શીર શંકર ગંગ ધારી. જય જય.

પ્રભાવતી— ૪૭

નથી ધીર, રેતી લગાર, પ્રભુ મને દુઃખમાંથી;
તુ ઉગાર, એ, હાય, હાય, હાય, નથી ધીર.
પ્રાણુપતીથી અલગી કરીને, નાખી છે વનમાય;
વીયોગરૂપી વેદના સાલે, તે મુજથી ના ખમાય,
તેથી દીલમાં દાઝુ અપાર, એ હાય, હાય, હાય, નથી.
અરર કદી જો આ જંગલમાં, પુત્ર પ્રસવ મુને થાશે;
તો તો ઘડી એક આરે જંગલમાં, મુજથી કેમ રે'વાશે,
તેનો સુજે ના કાંઇ વીચાર, એ હાય, હાય, હાય, નથી.

પ્રભાવતી— ૪૮

સાય મુને તું થાજે, અરે પ્રભુ સાય મુને તું થાજે;
થઈ નીરાધારી, ભટકુ જંગલમાં, દીન જાણી વારે ધાજે. અરે
સકળ જગતમાં કીર્તિ તારી, સ્થળ સ્થળ માંહી ગાજે. અરે.

પ્રભાવતી— ૪૯

જોઈ ભયાનક વન આ, શુદ્ધી સઘળી જતી રહી મારી;
હાય હાવે કયાં જાવું, જંગલો જંગલ રખડો હું હારી.

શીઙ્યો— ૫૦

કેમ રૂદન કરે છે તું નારી, એવું શું સંકટ પડયું ભારી;
રહે નારી તું હવે શાન્ત, નીવેદન કર તુજ વૃતાન્તે.
કોણુ નામ ઠામ કયાં છે ધામ, શાને રૂદન કરે છે આ ઠામ;
શાથી અરણમાં રખડે તું નાર, કહે ત્વરીત થકી તું આ વાર.

પ્રભાવતી— ૫૧

પરમ કૃપાળુ ધર્મના ભ્રાતા, સુણજો મુજ વૃતાન્ત;

પ્રભાવતી હું રાણી છું ને, ચંદ્રસેન મુજ કંત
હું રંક છું નારી, દુખે બની છું આભારી. (૨)

પ્રભાવતી— ૫૨

સુણો ભ્રાત તમે આ વાર, દાઝુંછું દીલમાં હું અપાર. ટેક.
કનકપુરીના રાજાની હું, પ્રભાવતી છું નાર.
થયું હર્ણું મારૂં નીરાધાર, અરે આવાર, સંકટ પડયું ભારી, સુણો.
દૈવ્ય ગતીથી મુજને લાવી, નાંખી છે વન માંય, તેનો ખેદ
મુને બહુ થાય, કદી ના સેવાય, કરૂં શું હાય. સુણો.
ગર્ભમાસ મુને પુર્ણ થયો છે, તેથી મુઝાવું હું, જઇ દુખ કોને
હું કહું, શી રીતે સહુ, (દીલ) બળે છે બહુ, સુણો ભ્રાત.

શીષ્યો— ૫૩

તું ના કર ચીંતા દીલમાં (૨) ભગની મારી લગાર,
મુજ ગુરૂનો આશ્રમ છે, પાછળ વન મોઝાર,
ચાલ્ય જલદી બેની મારી, મ્હાલ તું તે ઠાર.

૧ શીષ્ય— ૫૪

આહા હા હા રે, બહુ ગમત થઈ (૨)
મુનીને લેહેર, ...

અંદરથી—આહા, હા, હા, હા,..................
૧ શીષ્ય—મુનીને લેહેર, ...
અંદરથી—ઓહો, હો, હો, હો,..................
૧ શીષ્ય—મુનીને લેહેર, ...
અંદરથી—આહા, હા, હા, હા,..................
૧ શીષ્ય—મુનીને લેહેર...... ....
અંદરથી —ઓહો, હો, હો, હો,..................
૧ શીષ્ય—આ, હા, હાહારે બહુ ગમત થઈ (૨)
સડ સડ કરતો થયો તડાકો, ગાજ્યો ભડાકો;
વાગી લપડાકો થડ, થડ, થડ, આહાહા.

રૂષીપત્નીઓ— ૫૫

સૌ ચાલો ઉમંગે (૨) થઇ મેહેર મુની ઘેર;
સર્યું કાજ, બેનો આજ, ઝટ જઇએ,
ગીત ગાઇએ, બધા આજે સંગરે, સૌ ચાલો.

ઋષીપત્નીઓ— ૫૬

સુઇ જા (૨) મારા લાડક્વાયા તનરે, હાલો, હાલો;
તુને નીરખી અમો થઇએ પ્રસન્ન, હાલો, હાલો.
રહે છાનો ભાઈ ધરી મન ધીર, નવ ભરીશ તું નેણમાંહી નીર;
પહોડો (૨) મારા લાડકવાયા વીરરે, હાલો (૨)

વનચીચર— ૫૭

વૃદ્ધ પીતારૂપ દાદા મારા, આજ્ઞા દીઓને, મુને આજે,
જાવું પાસેના જંગલમાં, મૃગીયા રમવાને કાજે,
દીઓ રજા મુને કૃપા કરી, જવાને આ વાર;
મૃગીયા રમી રમીને હું, થઇશ હુંશીયાર.
જલદીથી પાછો આવુ છું, દાદા હું આ ઠાર, દીયો. વૃદ્ધ.

વનચીચર— ૫૮

કેમ આવ્યો અહીં હેવાન, ગઇ તારી શુદ્ધ શાન;
ભુલી ગયો અલ્યા ભાન, કેમ આવ્યો.
પરાયા વનમાં વગર પુછે, નાગ લેવાનું કારણ શું છે;
તે કહેને તુ આ વાર, નહીં તો થઇશ ખુવાર,
ક્યાં ગયું તારૂં બળી વાદી ભાન, કેમ આવ્યો.

વનચીચર— ૫૯

જો તું સર્પ મુકી દે, સંકટ તારૂં આજે કાપુ;
સર્પ મુક્ત બદલામાં, કંગન તુજને ઇનામમાં આપુ.

વાદી— ૬૦

આજે દળદર ગયું છે, મારૂં રે આવાર; ટેક.
કંગન મુજને મળીયું, એ વનમાં નીરધાર. મારૂં રે.
જાવું કનકાપુરી નગરમાં, વેચુ રાજાનેરે ત્યાંય;
મો માગ્યા પૈસા મળશે, એ રાજ્ય સભાની માંય. આજે.
મન્ય હાવે પુષ્કળ મળ્યું, થઇ ગયું મારૂં કામ;
ઝોળી ઝંડો આ છોડીને, હું જઇશ મારેરે ધામ. આજે.

ચંદ્રસેન ૬૧

પ્રીય પ્રધાન હે પ્યારા, જોઇ અજાયબ પામુ મન સાથે;
કંગન નીશ્ચે આ તો, રેતું'તુ મમ પ્યારીને હાથે.

પ્રધાન— ૬૨

સુણ અરે ઓ વાદી, કંગન ક્યાંથી લાવ્યો તું આંહી;

વાત ખરી તું કેને કાજે તુજને આપ્યું છે નાગ.

મદારી— ૬૩

ખરી બીના કહું છું સુનો રાયરે, ગયો તો હું જંગલની માંયરે;
દેશોદેશ વીશે મદારી કરૂ, કરી પૈસા પેદા હું પેટ ભરૂ. ખરી
ગયો તો હું સર્પ પકડવાને કાજ, આવી પોચ્યો ત્યાં એક કુંવરરાજ
કહ્યું મુને તું કોણ આવ્યો અહીં, વગર પુછે નાગને ચાલ્યો લઇ.
કહ્યું એનું માનીને છોડી દીધો, કંગન આપી મુજને ગયો ત્યાંથી તો,
લઇને હું આવ્યોછું આપની પાસ, ઘણી છે મુને ધન લેવાની આશ.

પ્રધાન-સેનાપતી— ૬૪

થાઓ સુરાઓ જલદીથી તૈયાર, જાવુંછે શોધ કરવાને,
જંગલની મોઝાર, રાખી મન હામ, ચાલોની તમામ;
તારીતથી ખોળી લાવી આવીએ ઠાર. થાઓ.

બધા છોકરા— ૬૫

હળી મળી સૌ આ વાર, (૨) રમત રમો ખુશીથી. રમો,
આવો (૨) અહીં યાર,..................

૧ છોકરો—હુ માથે રાખું દાન...........
૨ છોકરો—પકડું તારો કાન............ ..
૩ છોકરો—હા હા હા હુ ગોડી, ભાગો સૌ દોડી.
બધા—પકડો પકડો તૈયાર. હળી મળી
૧ છોકરો—જુઓ આ આવ્યો છે હાથ,.....
૨ છોકરો—મારીશ એક લાત, હા, હા......
હું દોડયો, ઠોકરથી પડયો,
દાન નહીં દેનાર. હળી મળી.

છોકરા— ૬૬

આહા હા, કેવી લેહેર (૨) રમત ગમત નવીન રમતા,
આનંદ થાયે આપેર, હા, હા, હા, કેવી લેહેર.
મળ્યા (૨) છીયે આજે સૈ સંગે,
આવ્યો ફરી નહી આવશે સંગે,
ચાલો (૨) હાવે આપણે ઐથી,
જઇએ સર્વે ઘેર. આહા હા

૬૭

પ્રધાન—કહો (૨) કુંવરજી શું છે નાગ તમારૂરે,
નવીચર—પુછવાની શું છે જરૂરર નાગ મારૂરે, કહો.
પ્રધાન—કાંઇ કામ પડયું છે તમારૂં,

વનવીચર—હું એસ નહી ઉચારૂં રે,

છોકરો--કહો નામજ પેલું તમારૂ, કહે છે

એગ ગીત્ર હમારો, હે દયાળુરે' પુછવાની શું.

પ્રધાન—હું કનકપુરી રહેનારો, પ્રધાન છું ત્યાનો સારો,

ચંદ્રસેન રાય હમારો.

વનવીચર—થયું છે અધીક પ્રફુલીત મન મારૂરે,

દોશની ક્ષમા આ જો સ તીવ કૃપાળુરે,

પ્રધાન—નથી દોષ થયો કાંઇ હજાતી, મેળવ તુજ માતા મુજથી,

વનવીચર—છે નજીક આશ્રમ અથી..........................

પ્રધાન વીગેરે—ચાલો (૨) જાઇએ સર્વે આશ્રમ માંયરે, આનંદ

આનંદ આનંદ આજે ઉરના માયરે.

વનવીચર-- ૬૮

લાવ્યો છું વધાઇ આજી એક ખરી, (૨)

સંકટ લેસે હરી, પ્રભુજી કૃપા કરી................

છોકરાઓ—હા, હા, હા, હા, લાવ્યો છુ વધાઇ,

વનવીચર—આવ્યા સચીવ તેડવા આપ રાજના જે,

છોકરાઓ—માનો માનો માતાજી ખરી વાત એ છે...........

પ્રભાવતી—ભાઇ બતાવ મુને તુ એ કયા રહ્યા છે.

વનવીચર—ચાલોને સાથ મારી, બતાવું માતુ મારી,

છેકરા—હા, હા, હા, હાં, લાવ્યો છુ વધાઇ,

પ્રધાન— ૬૯

હર્ષ મને થાએ, આજે, હર્ષ મુને થાએ,

સંકટ વાદળ દુર થયું છે કરી કૃપા તે જગરાએ, હર્ષ.

ચીંતયા ભૂપની દુર કરી સૌ, ધૈર્ય ધરીને રહ્યા દીલ માંહે. હર્ષ

પ્રભાવતી— ૭૦

સેવું હું તો ચર્ણ તમારા (૨) દોને રજા મુને પીતા ઓ મારા,

રૂષી— હતી નાર, નીરાધાર, સુખ અપાર. સેવું.

પ્રભાવતી—બહુ દીન રહી હું આપની પાસે, રજા આપો મુને અતી ઉલ્લાસે

પ્રેમે, રેમે, સેમે, પીતા ઓ મારા. સેવું.

વનવીચર— ૭૧

દીયો રજા તમે, જાવું હું, પીતાના રાજ્યમાં આ સમે;

આવ્યા છે પ્રધાન તેડવા કાજે, જોવું મારા પીતાનું તો રાજે,
દીધી રજા મુને દાદા આજે, દીધી રજા તમે, જાવું છે પીતા;
કદી જોયા નથી પીતા મારા, મુજ માતુથી કેમ રહ્યા ન્યારા.
એવી સુ નાખી પ્રભુએ દુઃખ ધારા, દીધી રજા તમે, જાવું છે.

ઋષી— ૭૨

કર્જે પ્રેમ ધરી સદા પીયુ તણી, સેવા પ્રભુના સમી,
સ્વામી બોલ અબોલ મનના આણી, પાલણુ, કે જે નમી,
મીથ્યા કામ તુને કદી પીયુ કહે, તે પણ સાચુ કરે,
કેવું એજ વચન મારૂં તુજને. શા શા કરીને ખરે,

ઋષીપત્નીયો— ૭૩

પ્રીય બેની જાઓ આજ, સુખેથી સાસરે;
ભાઇ વનવીચર નાનો હજુ છે આપણોરે,
નીરંતર રાખજો તેની સંભાળ. પ્રીય બેની.
પીયુજીની આજ્ઞા પ્રીતેથી પાળજોરે,
જઇને જલદી પત્ર પાઠવજો તતકાળ. પ્રીય બેની.

બધા— ૭૪

પ્રભુ નીરાધારને આધાર આપ્યોરે (૨)
આપ્યો વ્યાપ્યો હર્ષ અમને મનમાં, તનમાં પુરો.

પ્રભાવતી—આશ હતી જે દીલમાં,
વનવીચર—થઇ છે પુરી આજ.
સેવક—વખત ગુમાવો નહી જરી, વાટ જુવે માહારાજ;
ચાલોને (૨) હાવે કરો નહી વાર, બાઇ મારી, ચીંત્યા ભારી;
પ્રભાવતી—દુખ હારી, સુખકારી, હરશ, હરશ ઉર વ્યાપ્યોરે, પ્રભુ.

વીદુષક— ૭૫

સારો સમય આવીયો,
ઈનામ લેવાને હું ફાવીયો. સારો.

છોકરો—બાપા મારૂં એઇ નામ (૨)
વીદુષક—અલ્યા લેજે તુ તો રામ, કોણે તને અહીં બોલાવીયો;
કને લુચા કોણે તને અહીં બોલાવીયો. સારો.

ચંદ્રસેન— ૭૬

હજુ ખબર (૨) ના આવી કાંઇ

દરબારીયો—નમે આઓ ભુપ ગભરાઇ;
જરી ધૈર્ય તમે દીલ ધારો,
સગજુ છો આપ વીચારો................

ચંદ્રસેન--તે ખરૂ, ધૈર્ય શું ધરૂં, પ્રીયાને મળું; (તવ)
શાન્તી દીલ ગાંઠી, હજુ ખબર ના આવી કાંઈ.

જમાદાર-- ૭૭

સુણો ચંદ્રસેન ભુપાળ વીનતી મારી,
હું લાવ્યો ખબર એક આજ સર્વથી સારી;
આવી પોચ્યા સૌ રાજ્ય બાગની માંહે;
હમણાં અહીં આવશે, ચીંત્યા ન કરશો કાંઇએ.

ચંદ્રસેન— ૭૮

હર્ષ અપાર, ઉર મોઝાર, થયો આ વાર, જોઇ પ્રીય નાર,
ઘણેરે દીવસે મળી મુજ પ્રીયા પ્રાણ, સુખની ખાણ, મુજ દીલજાન.

પ્રભાવતી—ઓ મમ પ્રાણ, ગુણ નીધાન, પ્રાણપતી આ બાળ,
લ્યો તેની સંભાળ,.......................................

ચંદ્રસેન—ઓ બાઇ, તું આંહી. આવને, પાસેજ, તું...........

૭૯

દરબારીયો—અમૃત વૃષ્ટી આજ થઇ છે અરે આ વાર,

ચંદ્રસેન-પ્રધાન—ચાલો આંજ જઇએ જલદી શીવજીને દ્વાર,
અમીત ચાલો સામંતો મારા,

દરબારી—હુકમ આધીન તમારા,

ચંદ્રસેન—સ્તુતી કરીએ શીવજીની નમ્ર થઈ તે દ્વાર..........

દરબારી—અમ્રીત વૃષ્ટી આજ થઇ છે અરે આ વાર.

રૂપનગર સ્રીઓ— ૮૦

આજે આનંદ ઉર ના માયરે,
થયો જય જય રાયને ત્યારે,
હર્યું ઇશ્વરે દુખ તમારૂરે,
થયુ હરસીત મન અમારૂરે.
ભાગો ભય............

ચંદ્રસી—હર, હર, હર.................

સ્રીયો—દુખનો લય....................

બધા—હર, હર, હર,...............

-થયો જય....................

હરથી—હર, હર, હર,..............

નગ્ન સ્ત્રીયો—આજે આનંદ ફિર ના માયરે.

બધા— ૮૧

પ્રેમથી ભજી તારાં દરસન કરીએ (૨) ભોળાનાથ,

અહો હાથ. સર્વે સાથ, આવ્યા નાથ, હામ, ધામ,

નામ તારૂં, પ્રેમથી ભજી તારાં.

ઘડીમાં તું સુખ કરે, પળમાં તું દુખ હરે, તારે માટે તપ કરે

અખંડ ભંડાર ભરે, વીનતુ ધ્યાન ધરે, કષ્ટ તુંનો તેના હરે,

વરદાન દેવા માટે ફરે, આવ્યા સર્વે તારે ધામ,

ભક્ત જનના પુરો કામ, નીરબળને આપો હામ,

અવીચળ જગમાં તારૂં નામ, આવ્યા સર્વે તારે ધામ.

બધા સાથે— ૮૨

પરમ કૃપાળુ, છો માયાળુ, હે દયાળુ, હર હર રીત,

દુખ હરીને, સુખ કરીને, સાયતા હમારી, કર કર રીત,

બહુ બહુ રીતે, ભજીએ પ્રીતે, વીનતી ફિરે, ધર ધર રીત,

પ્રાર્થના ધરતાં, છો જગ કરતા. વીઘ્નો હરતા, હર હર રીત.

ચંદ્રસેન—દુખી હતા ખરા, સુખી તો કર્યા.....................

પ્રધાન, સે—આવી સૌ મળ્યા.............................

પ્રજા, વનવી—વીઘ્નો તો ટળ્યા...........................

ચંદ્રસેન—પુત્ર પ્યારી તણા, કષ્ટ તો હણ્યા..................

બધા સાથે—જઈએ છીએ અમે, સર્વે ધામ, હર હર રીત, પરમ.

અંક ૩ જો સમાપ્ત.

જાહેર ખબર.

હમારા નાટકોની ચોપડી જ્યાં હમારી કંપનીનો મુકામ હશે ત્યાંથી રોકડી કીંમતે મળશે. તથા રચનાર પાઠક બાળાશંકર હીમતરામ પાસેથી પણ મળશે.

ઠે. નરસીંહજીની પોળ. મુ. વડોદરા.

લી.

પાઠક બાળાશંકર હીમતરામ.